







# પ્રાર્થનાપોથી

બ્લોગ અને વેબસાઈટ પરથી સંકલન

《સંકલન》

દિનેશકુમાર પી. પરમાર

## પ્રાર્થના આત્માનો ખોરાક છે

Scanned by CamScanner



યા કુન્દેન્દુ-તુષાર-હાર-ધવલા    યા શુભ્ર-વસ્ત્રાવૃતા,

યા વીણા વર-દણ્ડ-મણ્ડિત-કરા    યા શ્વેત-પદ્માસના|

યા બ્રહ્માઽચ્યુત-શંકર-પ્રભૃતિભિર્દેવૈ    સદા સેવિતા,

સા માં પાતુ સરસ્વતી ભગવતી નિઃશેષ-જાડ્યાપહા ||૨||

**********************

Scanned by CamScanner

# શ્લોક

ૐ સહનાવવતુ | સહનૌભુનક્તુ| સહવીર્યં કરવાવહૈ|
તેજસ્વિનાવધિતમસ્તુ| મા વિદ્વિષાવહૈ|
ૐ શાંન્તિ: શાંન્તિ: શાંન્તિ: ||

*****

ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ, ગુરૂદેવો મહેશ્વરાય |
ગુરૂ શાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મય શ્રી ગુરૂવે નમઃ ||

*****

ૐ વક્રતુંડ મહાકાય, સૂર્યકોટિ સમપ્રભ |
નિર્વિઘ્નં કુરુ મે દેવ, સર્વ કાર્યેષુ સર્વદા ||

*****

વસુદેવ સૂતમ દેવં કંસ ચાણુર મર્દનમ
દેવકી પરમાનંદમ કૃષ્ણ વંદે જગત ગુરુમ

*****

ઓમ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યમ |

ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયોયોનઃ પ્રચોદયાત્ ||

*****

Scanned by CamScanner

# ૐ તત્સત્ શ્રી નારાયણ તું

ૐ તત્સત્ શ્રી નારાયણ તું,
પુરુષોત્તમ ગુરુ તું;
સિદ્ધ બુદ્ધ તું, સ્કન્દ વિનાયક
સવિતા પાવક તું,
બ્રહ્મ મજદ તું, યહ્વ શક્તિ તું,
ઇસુ પિતા પ્રભુ તું ... ૐ તત્સત્

રુદ્ર વિષ્ણુ તું, રામ-કૃષ્ણ તું,
રહીમ તાઓ તું,
વાસુદેવ ગો-વિશ્વરૂપ તું,
ચિદાનન્દ હરિ તું;
અદ્વિતીય તું, અકાલ નિર્ભય
આત્મ-લિંગ શિવ તું ... ૐ તત્સત્

ૐ તત્સત્ શ્રી નારાયણ તું,
પુરુષોત્તમ ગુરુ તું;
સિદ્ધ બુદ્ધ તું, સ્કન્દ વિનાયક
સવિતા પાવક તું ... ૐ તત્સત્

Scanned by CamScanner

## મંદિર તારું વિશ્વ રૂપાળું

મંદિર તારું વિશ્વ રૂપાળું,
સુંદર સરજનહારા રે;
પળ પળ તારાં દર્શન થાયે,
દેખે દેખણહારા રે ... મંદિર તારું

નહિ પૂજારી નહિ કો દેવા,
નહિ મંદિરને તાળાં રે;
નીલ ગગનમાં મહિમા ગાતા,
ચાંદો સૂરજ તારા રે ... મંદિર તારું

વર્ણન કરતાં શોભા તારી,
થાક્યા કવિગણ ધીરા રે;
મંદિરમાં તું ક્યાં છુપાયો,
શોધે બાલ અધીરા રે ... મંદિર તારું

-જયંતીલાલ આચાર્ય

Scanned by CamScanner

નૈયા ઝૂકાવી મેં તો જોજે ડૂબી જાય ના
ઝાંખો ઝાંખો દીવો મારો જોજે રે બૂઝાય ના...
સ્વાર્થનું સંગીત ચારે કોર બાજે,
કોઈનું કોઈ નથી દુનિયામાં આજે ,
તનનો તંબૂરો જોજે બેસૂરો થાય ના... ઝાંખો ઝાંખો દીવો--
પાપને પુણ્યના ભેદ રે ભુલાતા ,
રાગ અને દ્વેષ આજ ઘેરઘેર ઘુંટાતા,
જો જે કે આ જીવતરમાં ઝેર પ્રસરાય ના --ઝાંખો ઝાંખો દીવો----
શ્રધ્ધાના દીવડાને જલતાં તું રાખજે
નિશદિન સ્નેહ કેરૂં તેલ એમાં પૂરજે,
મનનાં મંદિરે જોજે અંધારૂં થાય ના ...ઝાંખો ઝાંખો દીવો--

Scanned by CamScanner

# અમે તો તારાં નાનાં બાળ

અમે તો તારાં નાનાં બાળ
અમારી તું લેજે સંભાળ ... અમે તો તારાં.

ડગલે પગલે ભૂલો અમારી,
દે સદબુદ્ધિ ભૂલો વિસારી,
તુજ વિણ કોણ લેશે સંભાળ ... અમે તો તારાં.

દીનદુ:ખિયાના દુ:ખ હરવાને,
આપો બળ મને સહાય થવાને,
અમ પર પ્રેમ ઘણો વરસાવ ... અમે તો તારાં.

બાલ જીવન અમ વીતે હર્ષે,
ના દુનિયાની મલિનતા સ્પર્શે,
અમારું હસવું રહે ચિરકાળ ... અમે તો તારાં.

Scanned by CamScanner

## હે મા શારદા

હે મા શારદા ! હે મા શારદા !
તારી પૂજાનું ફૂલ થવા શક્તિ દે,
તારા મયુરનો કંઠ થવા સૂર દે .... હે મા શારદા

તુજ મંદિરની જ્ઞાન જ્યોતિથી જીવનપંથનું તિમીર ટળે,
હે દેવી, વરદાન જ્ઞાન દે, લેખિનીના લેખ ટળે,
શુભદા, શક્તિ દે, હે મા શારદા ! ... હે મા શારદા

સૂર શબ્દનો પૂર્યો સાથિયો, રંગ ભરી દો મા એમાં,
રગ રગમાં મધુ રવ પ્રગટાવી, પ્રાણ પૂરી દો ગીત-લયમાં
જ્ઞાનદા, ભક્તિ દે, હે મા શારદા ! ... હે મા શારદા

Scanned by CamScanner

હે શારદે માં, હે શારદે માં

અજ્ઞાનતા સે હમે તાર દે માં

તું સ્વર્ગ કી દેવી હે સંગીત તુજસે

હર શબ્દ તેરા હે, હર ગીત તુજસે

હમ હે અકેલે હમ હે અધુરે

તેરી શરણમે હમેં પ્યાર દે માં

હે શારદે મા –(2) અજ્ઞાનતા સે ...

મુનિયોને સમજી ,ગુણિઓને જાણી

વેદો કી ભાષા, પુરાણો કી વાણી

હમ ભી તો સમજે, હમ ભી તો જાણે

વિદ્યા કા હમકો અધિકાર દે માં

હે શારદે મા –(2) અજ્ઞાનતા સે ..

તું શ્વેતવર્ણી કમલ પે બિરાજે

હાથો મેં વીણા મુકુટ સર પે સાજે

મન સે હમારે મિટાદે અંધેરા

હમ કો ઉજાલો કા સંસાર હે મા

હે શારદે મા –(2) અજ્ઞાનતા સે ..

Scanned by CamScanner

હમ કો મન કી શકિત દેના,મન વિજય કરે

દુસરો કીજય સે પહેલે, ખુદ કી જય કરે

ભેદભાવ અપને દિલસે સાફ કર સકે,

દોસ્તો સે ભૂલ હો તો માફ કર સકે,

જૂઠ સે બચે રહે હમ, સચ કા હમ ભરે, દુસરો કી જય.

મુશ્કીલે પડે તો હમ પે ઈતના કર્મ કરે

સાથ હૈ તો ધર્મ કા, ચલે તો ધર્મ પાર

ખુદ પે હોસલા રહે બદી સે ના ડરે,દુસરો કી જય

હમ કો મનકી શકિત દેના, મન વિજય કરે.

Scanned by CamScanner

ઈતની શકિત હમે દેના દાતા,

મનકા વિશ્વાસ કમજોર હોના,

હમ ચલે નેક રસ્તે પે હમસે,

ભૂલ કરભી કોઈ ભૂલ હોના,ઈતની---

દૂર અજ્ઞાન કે હો અંધેરે

તુ હમે જ્ઞાન કી રોશની દે

હર બુરાઈ સે બચતે રહે હમ

જિતની ભી દો, ભલી જિંદગી હો,

બૈર હોના કિસીકો કિસીસે

ભાવના મન મે બદલે કી હોના

હમ ચલે નેક રસ્તે ---ઈતની---

હમ ના સોચેં હમે કયા મિલા હૈ

હમ યે સોચે કિ આજ્ઞા હૈ અર્પણ

ફુલ ખુશિયો કે બાંટે સભીકો

સબકા જીવન હીબન જાયે મધુવન

અપની કરૂણા કા જલ તુમ બહાકે

કરદે પાવન હર એક મન કા કોના

હમ ચલે નેક રસ્તે --ઈતની---

Scanned by CamScanner

## એક જ દે ચિનગારી

એક જ દે ચિનગારી, મહાનલ !
એક જ દે ચિનગારી.

ચકમક લોહું ઘસતાં ઘસતાં ખરચી જિંદગી સારી
જામગરીમાં તણખો ન પડ્યો, ન ફળી મહેનત મારી
મહાનલ... એક દે ચિનગારી...

ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો, સળગી આભઅટારી
ના સળગી એક સગડી મારી, વાત વિપતની ભારી
મહાનલ... એક દે ચિનગારી...

ઠંડીમાં મુજ કાયા થથરે, ખૂટી ધીરજ મારી
વિશ્વાનલ ! હું અધિક ન માગું, માગું એક ચિનગારી
મહાનલ... એક દે ચિનગારી...

- હરિહર ભટ્ટ

Scanned by CamScanner

# મંગલ મંદિર ખોલો

મંગલ મંદિર ખોલો,
દયામય ! મંગલ મંદિર ખોલો !

જીવનવન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઊભો શિશુ ભોળો;
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લ્યો, લ્યો; ... દયામય !

નામ મધુર તમ રટ્યો નિરંતર,
શિશુ સહ પ્રેમે બોલો;
દિવ્ય તૃષાતુર આવ્યો બાળક,
પ્રેમ અમીરસ ઢોળો ... દયામય !

- નરસિંહરાવ દિવેટિયા

Scanned by CamScanner

## પરોઢિયે પંખી જાગીને

પરોઢિયે પંખી જાગીને, ગાતાં મીઠાં તારાં ગાન,
પરોઢિયે મંદિર મસ્જિદમાં, ધરતા લોકો તારું ધ્યાન.

ફરતાં ફરતાં કે મંદિરમાં, રાતે દિવસે સાંજ સવાર,
તારો અમને સાથ સદાયે, તું છે સૌનો રક્ષણહાર.
તું ધરતીમાં, તું છે નભમાં, સાગર મહીં વસે છે તું,
ચાંદા સૂરજમાંયે તું છે, ફૂલો માંહી હસે છે તું.
દેવ, બનાવી દુનિયા છે તેં, તારો છે સૌને આધાર,
તું છે સૌનો, સૌ તારાં છે, નમીએ તુજને વારંવાર.

Scanned by CamScanner

## પ્રેમળ જ્યોતિ તારો

પ્રેમળ જ્યોતિ તારો દાખવી,
મુજ જીવનપંથ ઉજાળ ... પ્રેમળ જ્યોતિ

દૂર પડ્યો નિજ ધામથી હું,
ને ઘેરે ઘન અંધાર,
માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં,
નિજ શિશુને સંભાળ,
મારો જીવનપંથ ઉજાળ ... પ્રેમળ જ્યોતિ

ડગમગતો પગ રાખ સ્થિર મુજ,
દૂર નજર છો ન જાય;
દૂર માર્ગ જોવા લોભ લગીર ન,
એક ડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય ... પ્રેમળ જ્યોતિ

આજ લગી રહ્યો ગર્વમાં હું,
ને માગી મદદ ના લગાર;
આપબળે માર્ગ જોઇને ચાલવા,
હામ ધરી મૂઢ બાળ;
હવે માગું તુજ આધાર ... પ્રેમળ જ્યોતિ

ભભકભર્યા તેજથી હું લોભાયો,
ને ભય છતાં ધર્યો ગર્વ,
વીત્યાં વર્ષો ને લોપ સ્મરણથી,
સ્ખલન થયાં જે સર્વ,
મારે આજ થકી નવું પર્વ ... પ્રેમળ જ્યોતિ

તારા પ્રભાવે નિભાવ્યો મને પ્રભુ !
આજ લગી પ્રેમભેર,

Scanned by CamScanner

ભક્તિ કરતાં છૂટે મારાં પ્રાણ

ભક્તિ કરતાં છૂટે મારાં પ્રાણ પ્રભુ એવું માંગુ છું
રહે હૃદયકમળમાં તારૂં ધ્યાન પ્રભુ એવું માંગુ છું

તારૂં મુખડું પ્રભુજી હું જોયાં કરૂં,
રાત દિવસ ગુણો તારાં ગાયા કરૂં,
અંત સમયે રહે તારૂં ધ્યાન, પ્રભુ એવું માંગુ છું ... ભક્તિ કરતાં.

મારી આશા નિરાશા કરશો નહી,
મારા અવગુણ હૈયે ધરશો નહી,
શ્વાસે શ્વાસે રહે તારૂં ધ્યાન, પ્રભુ એવું માંગુ છું ... ભક્તિ કરતાં.

મારાં પાપ ને તાપ સમાવી દેજો,
આ સેવકને ચરણોમાં રાખી લેજો,
આવી દેજો દર્શન દાન, પ્રભુ એવું માંગુ છું ... ભક્તિ કરતાં.

તારી આશાએ પ્રભુ હું તો જીવી રહ્યો,
તને મળવાને પ્રભુ હું તો તરસી રહ્યો,
મારી કોમળ કાયા ના કરમાય, પ્રભુ એવું માંગુ છું ... ભક્તિ કરતાં.

મારાં ભવોભવનાં પાપો દૂર કરો,
મારી અરજી પ્રભુજી હૈયે ધરો,
મને રાખજે તારી પાસ, પ્રભુ એવું માંગુ છું
તું રહેજે ભવોભવ સાથ, પ્રભુ એવું માંગુ છું ... ભક્તિ કરતાં.

Scanned by CamScanner

# મને કહોને પરમેશ્વર કેવા હશે ?

મને કહોને પરમેશ્વર કેવા હશે ?
ક્યાં રહેતા હશે, શું કરતા હશે ?

ગગનની ઓઢણીમાં ચાંદા સૂરજને,
તારાને ગૂંથનારા કેવા હશે ? ... મને કહોને

આંબાની ઊંચી ડાળે ચડીને,
મોરોને મૂકનાર કેવા હશે ? ... મને કહોને

મીઠા એ મોરોના સ્વાદ ચખાડી,
કોયલ બોલાવનાર કેવા હશે ? ... મને કહોને

ઊંડા એ સાગરનાં મોજાં ઉછાળી,
ઘૂ ઘૂ ગજાવનાર કેવા હશે ? ... મને કહોને

મનેય મારી માડીને ખોળે,
હોંસે ઝુલાવનાર કેવા હશે ? ... મને કહોને

- પ્રીતમલાલ મઝમુદાર

Scanned by CamScanner

## મારૂં જીવન અંજલિ થાજો

જીવન અંજલિ થાજો !
મારૂં જીવન અંજલિ થાજો !

ભૂખ્યાં કાજે ભોજન બનજો,
તરસ્યાંનું જળ થાજો;
દીનદુઃખિયાંનાં આંસુ લો'તાં
અંતર કદી ન ધરાજો !
મારૂં જીવન અંજલિ થાજો !

સતની કાંટાળી કેડી પર
પુષ્પ બની પથરાજો,
ઝેર જગતનાં જીરવી જીરવી
અમૃત ઉરનાં પાજો !
મારૂં જીવન અંજલિ થાજો !

વણથાક્યા ચરણો મારા નિત
તારી સમીપે ધાજો;
હૈયાના પ્રત્યેક સ્પંદને
તારૂં નામ રટાજો !
મારૂં જીવન અંજલિ થાજો !

વમળોની વચ્ચે નૈયા મુજ
હાલકડોલક થાજો;
શ્રદ્ધા કેરો દીપક મારો
નવ કદીયે ઓલવાજો !
મારૂં જીવન અંજલિ થાજો !

- કરસનદાસ માણેક

Scanned by CamScanner

# મૈત્રીભાવનું પવિત્ર ઝરણું

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું,
મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકળ વિશ્વનું
એવી ભાવના નિત્ય રહે ... મૈત્રીભાવનું

ગુણથી ભરેલા ગુણીજન દેખી,
હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણકમળમાં,
મુજ જીવનનું અર્ધ્ય રહે ... મૈત્રીભાવનું

દીન ક્રુર ને ધર્મવિહોણાં,
દેખી દિલમાં દર્દ વહે,
કરુણાભીની આંખોમાંથી
અશ્રુનો શુભ સ્રોત વહે ... મૈત્રીભાવનું

માર્ગ ભૂલેલા જીવન પથિકને,
માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની,
તોય સમતા ચિત્ત ધરું ... મૈત્રીભાવનું

ચિત્રભાનુની ધર્મભાવના હૈયે,
સૌ માનવ લાવે,
વેરઝેરનાં પાપ તજીને,
મંગળ ગીતો એ ગાવે ... મૈત્રીભાવનું

- મુનિ શ્રી ચિત્રભાનુ

Scanned by CamScanner

વંદન કરીએ

વંદન કરીએ શ્રી પ્રભુ તમને.

પહેલું વંદન માતપિતાને.

બીજું વંદન ગુરૂજી તમને..વંદન કરીએ

ત્રીજું વંદન આદ્યશક્તિને.

ચોથું વંદન ઉમાપતિને....વંદન કરીએ

પાંચમું વંદન પુરૂષોત્તમને.

આશિષ આપો સર્વ સુખ અમને....વંદન કરીએ

ભક્તજનોને સુખી કરો છો.

જ્ઞાન હ્રદયમાં આપ ભરો છો.

શાંતિ આપો છો સહુના દિલને....વંદન કરીએ

Scanned by CamScanner

# વૈષ્ણવ જન તો

વૈષ્ણવ જન તો તેને રે કહીએ,
જે પીડ પરાઈ જાણે રે.

પરદુ:ખે ઉપકાર કરે તોયે,
મન અભિમાન ન આણે રે.
સકળ લોકમાં સહુને વંદે,
નિંદા ન કરે કે ની રે.
વાચ કા મન નિશ્ચલ રાખે,
ધન ધન જનની તેની રે.
સમદ્રષ્ટિને તૃષ્ણા ત્યાગી,
પરસ્ત્રી જેને માત રે.
જિહ્વા થકી અસત્ય ન બોલે,
પરધન નવ ઝાલે હાથ રે.
મોહ માયા વ્યાપે નહીં જેને,
દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે.
રામ નામ શું તાલી રે લાગી,
સકળ તીરથ તેના તનમાં રે.
વણલોભી ને કપટ રહિત છે,
કામ ક્રોધ નિવાર્યાં રે,
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં,
કુળ ઈકોતેર તાર્યાં રે.
-નરસિંહ મહેતા.

Scanned by CamScanner

તુમ્હી હો માતા પિતા તુમ્હી હો,
તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો
તુમ્હી હો સાથી તુમ્હી સહારે,
કોઇન અપના સિવા તુમ્હારે
તુમ્હી હો મૈયા તુમ્હી ખિવૈયા,
તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો

જો ખીલ શકેના વોકુલ હમ હે,
તુમ્હારે ચરણો કી ધુલ હમ હે
દયા કી દ્રષ્ટિ સદાકી રખના,
તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો
તુમ્હી હો માતા પિતા તુમ્હી હો.

Scanned by CamScanner

માંગુ હું તે આપ પ્રભુજી,માંગુ  હું તે આપ

ન માંગુ ધન વૈભવ એવા,મન મગરૂર ફુલાય

ભલે ગરીબો વીર બનીને,હણુ ગરીબની હાય

એવું હ્રદય બળ આપ પ્રભુજી.  માંગુ હું તે આપ

ઉચા–નીચા ભેદન જાણુ,સૌને ચાહુ સમાન

હરદમ ઉપયોગી થાઉજ સૌને,કાયા વ્રજ સમાન

એવું શરીર બળ આપ પ્રભુજી,  માંગુ હું તે આપ.

કરતા કાર્યો સેવાના જગમાં,જો કદી થાકી જવાય.

કાયા થાકે મનના થાકે,જીવ્યું  સફળ મુજ થાય.

એવુ મનોબળ આપ પ્રભુજી.  માગુ હું તે આપ

Scanned by CamScanner

વંદે દેવી શારદા (2)
ઉર વીણા હું બજાઉ બજાઉ (2)
વંદે દેવી શારદા.
મંગળ ઉત્સવ આજ અનેરો (2)
મોતી થકી હું વધાવું વધાવું .
વંદે દેવી શારદા (2)
ચંદ્રીકાના ધવલ પ્રકાશે (2)
આરતી હું ઉતરાવું ઉતારું
વંદે દેવી શારદા (2)
શ્વેત મનોહર પટકુળ પહેરી (2)
મયુર વિહારણા આવો આવો
વંદે દેવી શારદા (2)
યુગ યુગ ના અંધારા ટાળો (2)
મન મંદિર સજાવું સજાવું –વંદે દેવી શારદા

Scanned by CamScanner

તારા દર્શનની ઝાંખી કયાં થાય

પ્રભુ તારા દર્શનની ઝાંખી કયાં થાય

વ્યોમે ઉડંત પેલા પંખીને જોઇ મને

ગગને ઉડવાનું મન થાય, દર્શન થાશે

તને ઉચે આકાશમાં એવું એવું કહી ઉડી જાય

પ્રભુ તારા દર્શન ની ઝાંખી કયાં થાય

ફુલડે ફુલડે પોરામાં લેતુ પેલુ પંતગીયું

કઇક કઇક ગાય .દર્શન થાશે તને

પેલી વનરાઇમાં એવું એવું કહી ઉડી જાય

પ્રભુ તારા દર્શનની ઝાંખી કયાં થાય

નાનકડી માછલી રમતીને ભમતી ગીતો

કઇ નવલા ગાય દર્શન થાશે તને

સાગરના માનમાં એવું એવું કહી સરી જાય

પ્રભુ તારા દર્શનની ઝાંખી કયાં થાય

Scanned by CamScanner

પેલા મોરલાની પાસ બેઠા શારદા જોને
આપે વિદ્યા કેરુ જ્ઞાન માતા શારદા જોને
જે તુજ મંદિર આવે તે ફુલની માળા લાવે
માળા કંઠમાં સોહાય માળા કંઠમાં સોહાય
માતા શારદા જોને
પેલા મોરલાની પાસ બેઠા શારદા જોને
આપે વિદ્યા કેરુ જ્ઞાન માતા શારદા જોને
દિસે મંદિર એવું જાણે સ્વર્ગ ભૂનનના જેવું.
ઉરે ભાવના ભરાય ઉરે ભાવના ભરાય
માતા શારદા જોને
પેલા મોરલાની પાસ બેઠા શારદા જોને

Scanned by CamScanner

ઓ પ્રભુ મારૂં જીવન

ઓ પ્રભુ મારૂં જીવન
તારૂં દિવ્ય અર્ઘ્ય બની રહો.

રામ તું છે, રહીમ તું છે, કૃષ્ણ તું છે ઈસા મસીહ,
તું પરમ પરબ્રહ્મ તત્વ,
સાર સર્વ પુરાણ તું ... ઓ પ્રભુ.

રહેજે સદા વિચાર વાણી વર્તને અવ હર ઘડી
અંતરે પ્રતિબિંબ તારૂં.
દિવ્ય તેજે ઝળહળો ... ઓ પ્રભુ.

હે કૃપાના સિંધુ તેં કરૂણા કરીને કૃમળ કર્યા
સર્વની રુચિ એ ભણી,
તે એક રુચિએ કર્યા .. ઓ પ્રભુ

ઉરે સદા તવ સ્નેહભીની મંજરી મહેકી રહો.
પૂર્ણ પ્રાપ્તિની સભરતામાં
શેષ જીવન આ વહો ... ઓ પ્રભુ

Scanned by CamScanner

# સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ !
સૌનું કરો કલ્યાણ.

નરનારી પશુપંખીની સાથે,
જીવજંતુનું તમામ ... દયાળુ પ્રભુ

જગના વાસીઓ સૌ સુખ ભોગવે,
આનંદ આઠે જામ ... દયાળુ પ્રભુ

દુનિયામાં દર્દ-દુકાળ પડે નહિ,
લડે નહિ કોઇ ગામ ... દયાળુ પ્રભુ

સર્વ જગે સુખાકારી વધે ને,
વળી વધે ધનધાન્ય ... દયાળુ પ્રભુ

કોઇ કોઇનું બૂરું ન ઇચ્છે,
સૌનું ઇચ્છે સૌ સમાન ... દયાળુ પ્રભુ

પોતપોતાના ધર્મ પ્રમાણે,
સર્વ ભજે ભગવાન ... દયાળુ પ્રભુ

Scanned by CamScanner

પ્રભુ નમીએ પૂરી પ્રીતે,
સુખી કરતુ દુઃખો હર તું,
બનાવી તે બધી દુનિયા,
બનાવ્યા તે ઊંડા દરિયા,
સુરજ ને ચંદ્ર ઝગમગીયા,
સુખી કરતુ દુઃખો હર તું,
જગત અખા ઉપર તારી,
નજર ફરતી રહે ન્યારી,
અમારા કામ જોનારા,
સુખી કરતુ દુઃખો હર તું,
પ્રભુ નમીયે પૂરી પ્રીતે
સુખી કર તુ દુઃખો હર તું.

Scanned by CamScanner

સરસ્વતી દેવી તુ છે અમારી
વિદ્યાની દેનાર રે
અમને દો વિદ્યા સારી ....(2)
મીઠી મધુરી વીણા દેવી
શોભે તારા કરે.....(2)
મોર છે વાહન દેવી તારુ
તે સિંહાસન તારુ
તારી સ્તુતિ કરુ તને મનમા રટું
તુ આપી દેને જ્ઞાન રે
સરસ્વતી.... અમને દો વિદ્યા સારી
ઘર ઘર મા તુ વ્યાપી રહી છે વિદ્યાની દેનાર રે
માથે મુગટ ધારણ કરીયો
હાથમા રાખની માળા રે (2)
તારા ચરણે પડુ તને વીનંતી કરુ
તુ સુણજે મારો પોકાર રે,
સરસ્વતી દેવી......
મસ્ત બન્યો છું તારે કાજે
દો બુદ્ધિ ને જ્ઞાન રે
ત્યા તો આવ્યો મીઠો મધુરો
વીણા કેરો નાદ
મનડુ મલકે, હૈયુ હરખે
મળી ગઇ છે મોરી માત રે
સરસ્વતી દેવી તુ છે અમારી વિદ્યાની દેનાર રે
અમને દો વિદ્યા સારી.....

Scanned by CamScanner

# અમે નાનાં નાનાં બાળ

અમે નાનાં નાનાં બાળ
સૌ ભગવાનનાં............અમે૦
અમે હસતાં રમતાં
ગાતાં ગીતો તાનમાં..(૨).....અમે૦
રોજ સવારે,સ્નાન કરીને
માત પિતાને નમન કરીને
ગુરુ ચરણોમાં આવતાં..(૨)....અમે૦
સરસ્વતીનું મંદિર આ છે,
સુંદર રૂડાં ફૂલ ખિલ્યાં છે,
ફૂલડાં રૂડાં બાગનાં..(૨).......અમે૦
આવ્યાં અહીંયાં એક જ આશે,
વિદ્યા દેવી ! તારી પાસે,
દેજે વિદ્યા દાનમાં...(૨).......અમે૦

- શ્રી ચૂનીલાલ પટેલ

Scanned by CamScanner

# પ્રાર્થના

પિતા, અમે તુજ બાળકો,
ચલાવ ઝાલી હાથ.
કરજોડી સૌ માગીએ,
નિત તારો સંગાથ.
જગમાં સૌ સુખિયા હજો,
સાજા રહો સદાય.
ભલું હજો સૌ કોઈનું,
દુઃખ હજો ન જરાય.
સુણીએ રૂડું કાનથી,
રૂડું નીરખો નેણ.
હાથે રૂડાં કામ હો,
રૂડાં નીસરો વેણ.

- ઉમાશંકર જોશી

Scanned by CamScanner

# સાચો સંગાથ

તું માતા તું છે પિતા,
તું બંધુ જગનાથ.
તું સઘળું દેનાર છે,
સાચો તું સંગાથ. ...તું માતા૦

તારી આ દુનિયા બધી,
તારા સૂરજ ચંદ.
તારાથી સહુ જીવીએ,
કરીએ નિત આનંદ ...તું માતા૦

કાલાંઘેલાં બાળકો,
નમીએ નામી શીશ.
સાચી સમજણ આપજે,
ઓ મોટા જગદીશ ...તું માતા૦

- શ્રી ત્રિભુવન વ્યાસ

Scanned by CamScanner

# ઈશ્વરનો ઉપકાર

ઓ ઈશ્વર તું એક છે, સરજ્યો તેં સંસાર.
પૃથ્વી પાણી પર્વતો, તેં કીધાં તૈયાર.
તારા સારા શોભતા, સૂરજને વળી સોમ.
તે તો સઘળાં તે રચ્યાં, જબરું તારું જોમ.
અમને અદકાં જ્ઞાન ગુણ, તેનો તું દાતાર.
ભૂલે પાપી પ્રાણીઓ, એ તારો ઉપકાર.
કાપ ક્લેશ કંકાસને, કાપ પાપ પરિતાપ.
કાપ કુમતિ કરુણા કરી, કાપ કષ્ટ,સુખ આપ.

Scanned by CamScanner

# હે પરમેશ્વર !

હે પરમેશ્વર મંગલ દાતા, છીએ અમે સૌ તારા બાળ.
દે દર્શન તુજ દિવ્ય મનોહર, વંદન કરીએ વારંવાર.....હેપરમેશ્વર૦

સવાર પડેને પંખી જાગે કિલકિલ ગાયે તારું ગાન
ઝાલર બાજે મંદિર ગુંજે જય જય થાયે તારું નામ....હેપરમેશ્વર૦

પરહિતકારી તું છે સ્વામી સકલ જગતનો સર્વાધાર
નાનાંમોટાં સૌ માનવનો એક જ તું છે તારણહાર.... હેપરમેશ્વર૦

ભણતર ગણતર એવું દે જે દે જે ભક્તિ ને તુજ જ્ઞાન
માત પિતાને સંત-ગુરુના આજ્ઞાનું કરીએ પાન.... .હેપરમેશ્વર૦

# વિભુવંદના

વિભુ સૌમા વસેલો છે
દયાળુ દેવ મોટો છે

કિધા તે સાધનો સારા
સહુને સુખ દેનારા

જીવોને તુ જીવાડે છે
અમોને તુ રમાડે છે

મતિ સારી સદા દે તુ
અતિ આભાર માનુ છુ

Scanned by CamScanner

## ઓ ઇશ્વર ભજીયે તને

ઓ ઇશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ
ગુણ તારાં નિત ગાઇએ, થાય અમારાં કામ.

હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજો માફ.

પ્રભુ એટલું આપજો, કુટુંબ પોષણ થાય
ભૂખ્યા કોઇ સૂએ નહીં, સાધુ સંત સમાય.

અતિથિ ઝાંખો નવ પડે, આશ્રિત ના દુભાય
જે આવે અમ આંગણે, આશિષ દેતો જાય.

સ્વભાવ એવો આપજો, સૌ ઇચ્છે અમ હિત
શત્રુ ઇચ્છે મિત્રતા, પડોશી ઇચ્છે પ્રીત.

વિચાર વાણી વર્તને, સૌનો પામું પ્રેમ
સગાં સ્નેહી કે શત્રુનું, ઇચ્છું કુશળક્ષેમ.

આસપાસ આકાશમાં, હૈયામાં આવાસ
ઘાસ ચાસની પાસમાં, વિશ્વપતિનો વાસ.

ભોંયમાં પેસી ભોંયરે, કરીએ છાની વાત
ઘડીએ માનમાં ઘાટ તે, જાણે જગનો તાત.

ખાલી જગ્યા ખોળીએ, કણી મૂકવા કાજ
ક્યાંયે જગકર્તા વિના, હાલુ ના મળે હામ.

Scanned by CamScanner

જોવા આપી આંખડી, સાંભળવાને કાન
જીભ બનાવી બોલવા, ભલું કર્યું ભગવાન.

ઓ ઇશ્વર તું એક છે, સર્જ્યો તે સંસાર
પૃથ્વી પાણી પર્વતો, તેં કીધા તૈયાર.

તારા સારા શોભતા, સૂરજ ને વળી સોમ
તે તો સઘળા તે રચ્યા, જબરૂં તારૂં જોમ.

અમને આપ્યાં જ્ઞાન ગુણ, તેનો તું દાતાર
બોલે પાપી પ્રાણીઓ, એ તારો ઉપકાર.

કાપ કલેશ કંકાસ ને, કાપ પાપ પરિતાપ
કાપ કુમતિ કરુણા કીજે, કાપ કષ્ટ સુખ આપ.

ઓ ઇશ્વર તમને નમું, માંગુ જોડી હાથ
આપો સારા ગુણ અને, સુખમાં રાખો સાથ.

મન વાણી ને હાથથી, કરીએ સારાં કામ
એવી બુધ્ધિ દો અને, પાળો બાળ તમામ.

Scanned by CamScanner

# તું મને ભગવાન એક વરદાન

તું મને ભગવાન એક વરદાન આપી દે
જ્યાં વસે છે તું મને ત્યાં સ્થાન આપી દે

હું જીવું છું એ જગતમાં જ્યાં નથી જીવન
જિંદગીનું નામ છે બસ બોજ ને બંધન

આખરી અવતારનું મંડાણ બાંધી દે
જ્યાં વસે છે તું મને ત્યાં સ્થાન આપી દે

આ ભૂમિમાં ખૂબ ગાજે પાપના પડઘમ
બેસૂરી થઈ જાય મારી પુણ્યની સરગમ

દિલરુબાના તારનું ભંગાણ સાંધી દે
જ્યાં વસે છે તું મને ત્યાં સ્થાન આપી દે

જોમ તનમાં જ્યાં લગી છે સૌ કરે શોષણ
જોમ જાતાં કોઈ અહિંયા ના કરે પોષણ

મતલબી સંસારનું જોડાણ કાપી દે
જ્યાં વસે છે તું મને ત્યાં સ્થાન આપી દે

Scanned by CamScanner

## જીવનજ્યોત જગાવો

જીવનજ્યોત જગાવો પ્રભુ હે જીવનજ્યોત જગાવો.
ટચૂકડી આ આંગળીઓમાં ઝાઝું જોર જમાવો,
આ નાનકડા પગને વેગે ભમતા જગત બનાવો
અમને રડવડતાં શીખવાડો ... પ્રભુ હે

વણદીવે અંધારે જોવા આંખે તેજ ભરાવો.
વણ જહાજે દરિયાને તરવા બળ બાહુમાં આપો,
અમને ઝળહળતાં શીખવાડો ... પ્રભુ હે

ઊડતાં અમ મનનાં ફૂલડાંને રસથી સભર બનાવો,
જીવનનાં રંગો ત્યાં ભરવા પીંછી તમારી ચલાવો,
અમને મઘમઘતાં શીખવાડો ... પ્રભુ હે

ઉરની સાંકલડી શેરીના પંથ વિશાળ રચાવો,
હૈયાના ઝરણાં નાનાને સાગર જેવું બનાવો,
અમને ગરજંતા શીખવાડો ... પ્રભુ હે

અમ જીવનની વાદળી નાની આભ વિશે જ ઉડાવો,
સ્નેહશક્તિ બલિદાન-નીરથી ભરચક ધાર ઝરાવો.
અમને સ્થળ સ્થળમાં વરસાવો ... પ્રભુ હે

- સુન્દરમ્

Scanned by CamScanner

ગમે તે સ્વરૂપે ગમે ત્યાં બિરાજો
પ્રભુ મારા વંદન,પ્રભુ મારા વંદન
ભલે ના નિહાળું નજરથી તમોને
મળે ગુણ તમારાં સફળ મારું જીવન
જન્મ છે અસંખ્ય મળ્યાને ગુમાવ્યા
ધરમ ના કર્યા,ની તમો ને સંભાળ્યા..ગમે તે સ્વરૂપે
હવે આ જનમમાં કરું છું વિનંતિ
સ્વીકારો તમે તો તૂટી મારા બંધન
મનેહોંશ એવી ઉજાળું જગતને
કિરણ ના મળે મારા મનના દિપકને...ગમે તે સ્વરૂપે
તમે તેજ આપો જલે એવી જયોતિ
અમર પંથના સૌને કરાવે છે દર્શન..ગમે તે સ્વરૂપે

Scanned by CamScanner

દયા કર દાન ભકિત કા હમેં પરમાત્મા દેના,

દયા કરના હમારી આત્મા મેં શુદ્ધતા દેના

હમારે ધ્યાન મેં આઓ પ્રભુ આંખો મેં બસ જાઓ

અંધેરે દિલમેં આકર કે પરમ જયોતિ જગા દેના

બહા દો પ્રેમ કી ગંગા દિલમે પ્યાર કા સાગર

હમેં આપસ મેં મિલ ઝુલકર પ્રભુ રહેના શિખા દેના

હમારા કમ હો સેવા, હમારા ધમ હો સેવા,

સદા ઈમાન હો સેવા,હમે સેવા ચર બના દેના

વતન કે વાસ્તે જીના,વતન કે વાસ્તે મરના

વતન પર જાન ફિદા કરના,પ્રભુ હમકો શિખા દેના

Scanned by CamScanner

એ માલિક તેરે બંદે હમ ઐસે હો હમારે કરમ

નેકી પર ચલે ઔર બદી સે ટલે, તાકી હસતે હુએ નિકલે દમ

એ માલિક ........

બડા કમજોર હે આદમી, અભી લાખો હે ઈસમે કમી

પર તુ જો ખડા હે દયાલુ બડા તેરી કૃપા સે ધરતી થમી

દિયા તુને હમે જબ જનમ,તુ હી જેલેગા હમ સબકે ગમ

નેકી પર...........

યે અંધેરા ઘના છા રહા, તેરા ઈન્સાન ઘબરા રહા

હો રહા બે ખબર કુછ ન આતા નજર

સુખકા સુરજ છુપા જા રહા

હે તેરી રોશની મેં જો દમ, તુ અમાવસ કો કર દે પૂનમ

નેકીપર..........

જબ જુલ્મો કા હો સામાના તબ તૂ હી હમે થામના

વો બુરાઈ કરે હમ ભલાઈ કરે, નહીં બદલે કી હો કામના

બઢ ઊઠે પ્યાર કા હર કદમ ઔર મિટે બેરકા યે ભરમ

નેકીપર..........

Scanned by CamScanner

તુ પ્યાર કા સાગર હૈ ......(૨)

તેરી એક બુંદ સકે પ્યાસે હમ .......(૨)

લોટા જો દિયા તુને .......(૨)

ચલે જાયેગે જહાસે હમ .....(૨)

તુ પ્યાર કા .......(૨)

ઘાયલ મનકા પાગલ પંછી

ઉડને કો બેકરાર......(૨)

પંખ હૈ કોમલ આંખ હૈ ધૂંધલી

જાના હૈ સાગર પાર.......(૨)

અબ તુ હી ઈસે સમજા.......(૨)

રાહ ભૂલે થે કહા સે હમ......(૨)

તુ પ્યાર કા......(૨)

ઈધર ઝુમ કે ગાયે જીંદગી

ઉધર હે મોત ખડી......(૨)

કોઈ કયા જાને કયા હૈ સીમા

ઉલઝન આન પડી.....(૨)

કાનો મે જરા કહે દે.......(૨)

કે આયે કૌન દિશા સે હમ........(૨)

તુ પ્યાર કા.....(૨)

Scanned by CamScanner

અસત્યો માંહેથી પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી, પ્રભુ ! પરમ તેજે તું લઈ જા;
મહામૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ ! લઈ જા,
તું-હીણો હું છું તો તુજ દરસનાં દાન દઈ જા.

પિતા ! પેલો આઘે, જગત વીંટતો સાગર રહે,
અને વેગે પાણી સકળ નદીનાં તે ગમ વહે;
વહો એવી નિત્યે મુજ જીવનની સર્વ ઝરણી,
દયાના પુણ્યોના, તુજ પ્રભુ ! મહાસાગર ભણી.

થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઊચરું,
કૃતિ ઇંદ્રિયોની, મુજ મન વિશે ભાવ જ સ્મરું;
સ્વભાવે બુદ્ધિથી, શુભ-અશુભ જે કાંઈક કરું,
ક્ષમાદૃષ્ટે જોજો, – તુજ ચરણમાં નાથજી ! ધરું.

Scanned by CamScanner

## હે પ્રભુ આનંદદાતા

હે પ્રભુ આનંદદાતા, જ્ઞાન હમકો દીજીયે,
શીઘ્ર સારે દુગુણો કો, દૂર હમસે કીજીયે...હે પ્રભુ
લીજીએ હમકો શરણમે, હમે સદા સદાચારી બને,
બ્રહ્મચારી ધર્મરક્ષક,વીર વ્રતધારી બને.....હે પ્રભુ
પ્રેમ સે હી ગુરુજનો કી,નિત્ય હી સેવા કરે,
સત્ય બોલે જૂઠ ત્યાગે,મેલ આપસ મેં કરે...હે પ્રભુ
નિંદા કીસીકી હમ કિસીસે,ભૂલ સે હી ના કરે

Scanned by CamScanner

## પ્રાણીમાત્રને

પ્રાણીમાત્રને રક્ષણ આપ્યું,માન્યા સમ સહુને,
પૂણ અહિંસા આચરનારા નમન,તપસ્વી મહાવીરને,
જનસેવાના પાઠ શીખવ્યા,મધ્યમ માગ બતાવીને
સંન્યાસીનો ધમ ઉજાળ્યો,વંદન કરીએ બુદ્ધ તને,
એક પત્નીવ્રત પૂરણ પાળયું ટેક વણીને જીવતરમાં
ન્યાય નીતિરૂપ રામ રહેજો,સદા અમારા અંતરમાં,
સઘળાં કાર્યો કર્યા છતાંયે, રહયાં હંમેશા નિર્લેપી,
એવા યોગી કૃષ્ણ પ્રભુમાં,રહેજો અમ મનડાં ખૂંપી,
પ્રેમરૂપ પ્રભુ પુત્ર ઈશુ જે ક્ષમા સિંધુને વંદન હો,
રહમ નેકીનાં પરમ પ્રચારક હઝરત મહંમદ દિલ રહો,
જરથોસ્તીનાં ધમ ગુરુની પવિત્રતા દિલમાં વ્યાપી,
સર્વધર્મ સંસ્થાપક સ્મરણે વિશ્વશાંતિમાં ખપ લાવી.

Scanned by CamScanner

# ગાંધીજીના પ્રિય અગિયાર મહાવ્રત

સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજોઈતું નવ સંઘરવું,
બ્રહ્મચર્ય અને જાતે મહેનત, કોઈ અડે ના અભડાવું.
અભય, સ્વદેશી, સ્વાદત્યાગ ને સર્વ ધર્મ સરખા ગણવાં
એ અગિયાર મહાવ્રત સમજી નમ્રપણે દૃઢ આચરવાં.

Scanned by CamScanner

## :: ઓ પ્રભુજી ::

ઓ પ્રભુજી જગના પાલકડા, અમે વંદન કરીએ બાલકડા.
અમે માતા-પિતાના લાડકડા, અમે વંદન કરીએ બાલકડા.
ઓપ્રભુજી.....

પ્રભુ સારા કામો નિત્ય કરીએ,
કદી સત્યનો પંથ ન વિસ્મરીએ.
ઓપ્રભુજી.....

અમ જીવન માં પ્રભુ જ્ઞાન ભરો,
અમ હૈયે પ્રેમનો દિવો કરો.
ઓપ્રભુજી.....

ઓ પ્રભુજી જગના પાલકડા, અમે વંદન કરીએ બાલકડા.

**************

### ગાંધીજીના પ્રિય અગિયાર મહાવ્રત

સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજોઈતું નવ સંઘરવું,
બ્રહ્મચર્ય અને જાતે મહેનત, કોઈ અડે ના અભડાવું.
અભય, સ્વદેશી, સ્વાદત્યાગ ને સર્વ ધર્મ સરખા ગણવાં
એ અગિયાર મહાવ્રત સમજી નમ્રપણે દૃઢ આચરવાં.

Scanned by CamScanner

# છે સ્વર્ગથી એ વ્હાલી ::

છે સ્વર્ગથીએ વ્હાલી અમને અમારી શાળા.
મા શારદાનું મંદિર અમે એના પૂજવાવાળા.
વહેલા ઉઠીને નાહી ધોઈને રોજ નિશાળે જઈએ...
પ્રાર્થનામાં અમે ધૂન,ભજન,પ્રભુના ગુણલા ગાઈએ,
સંસ્કારની છે ધારા....ગુરૂજી અમારા પ્યારા.
અમે એકતાના નારા, ઉગતા અમે સિતારા...છે...
હસતાં ગાતાં અમે આવતાં જતાં અમે હોંશે હોંશે જોને ભણતાં
હિન્દી બોલી, અંગ્રેજી બોલીને, ગણિતના દાખલા ગણતાં
વિજ્ઞાનના પ્રયોગો, ઇતિહાસની કથાઓ
ગુજરાતીની કવિતા, સંગીતની સરીતા...છે...
હિન્દુ છે અહીં, મુસ્લીમો અહીં એક થઈને ભણે છે.
ભેદ ભાવ કે નાતજાતને અહિંયા કોણ ગણે છે.
એક લોહી છે બધાનું એક થઇ જીવો મજાનાં
ભેગા મળીને રહીએ, લડવાના છોડો બહાના...છે...
હિન્દ એક છે હિન્દી નેક છે, તૂટશે નહીં કદાપી.
એકતાના ઝરણા અમારા ખૂટશે નહી કદાપી.
આ છે અમારો ભારત રંગીન ને નિરાળો.
દુનિયા મા છે એ ન્યારો 'સાંઇ'ને દિલથી પ્યારો...છે...

-સાંઈરામ દવે

Scanned by CamScanner

## :: મારા પ્રભુજી ::

મારા પ્રભુજી નાના છે, પણ દુનિયા ભરના રાજા છે.

તે ગગન બધુંયે ઓઢે છે, તે સાગર જળમાં પોઢે છે,

તે કાને કુંડળ પહેરે છે, તે મધુર મોરલી છેડે છે. મારા પ્રભુજી.

તે પગમાં ઝાંઝર પહેરે છે, ને રાસે રૂમઝૂમ ખેલે છે.

તે જશોદાજીને ઝુકે છે, ને ગાયોમાં બસ ઘુમે છે, મારા પ્રભુજી.

**************

## :: વંદન કરીએ શ્રી પ્રભુ તમને ::



વંદન કરીએ શ્રી પ્રભુ તમને

પહેલુ વંદન માત-પિતાને

બીજું વંદન ગુરૂજી તમને...વંદન...

ત્રીજું વંદન હિંદ માતાને

ચોથું વંદન રાષ્ટ્રપિતાને ...વંદન...

પાંચમું વંદન પુરૂષોતમને

આશિષ આપો સૌ શિશુ ગણને...વંદન...

Scanned by CamScanner

# શાંતિ પ્રાર્થના

હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સહુ લાગીએ,
શરણું મળે સાચું તમારું એહ હૃદયથી માંગીએ,
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...

વળી કર્મનાં યોગે કરી જે કુળમાં એ અવતરે,
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભક્તિ કરે,
લાખ ચોરાશી બંધનોને લક્ષમાં લઈ કાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...

સુસંપત્તિ, સુવિચાર ને સતકર્મનો દઈ વારસો,
જન્મો જનમ સતસંગથી કિરતાર પાર ઉતારજો.

Scanned by CamScanner

# આકાશ જેનો ઘુમ્મટ

આકાશ જેનો ઘુમ્મટ, ચારે દિશા દીવાલો
એવું પ્રભુનું દેવળ, દેવળમાં દેવ શોધો.
જ્યાં સૂર્ય ચંદ્ર તારા, છે ભવ્ય દીપમાળા
પૃથ્વી પૂજાનો બાજઠ, દેવળમાં દેવ શોધો.
અભિષેક માટે મેઘો, જળ-ચંબુઓ છે સાગર
જળપ્યાલીઓ સરિતા, દેવળમાં દેવ શોધો.
પંખામાં વાયુ પોતે, છડીઓ પોકારે પર્વત
ત્યાં કોણ માત્ર **પ્રેમલ** ! દેવળમાં દેવ શોધો

Scanned by CamScanner

# ધર્મ અમારો

ધર્મ અમારો એક માત્ર એ, 'સર્વધર્મ સેવા' કરવી
ધ્યેય અમારું છે વત્સલતા, વિશ્વમહીં એને ભરવી.

'સકળ જગતની બની જનેતા વત્સલતા સહુમાં રેડું,'
એ જ ભાવનાના અનુયાયી બનવાને સહુને તેડું.

નાતજાતના ભેદ અમોને લેશ નથી કંઈ આભડતા,
દેશ-વેશના શિષ્ટાચારો વિકાસ માટે નહિ નડતા.

નિર્ભય બનીને જાનમાલની પરવા કદીયે નવ કરીએ,
અમ માલિકીની વસ્તુનો મૂઢ સ્વાર્થ પણ પરિહરીએ.

બ્રહ્મચર્યની જ્યોત જગાવી, સત્ય પ્રભુને મંદિરીએ,
જગસેવાને આંચ ન આવે, એ વ્યવસાયો આચરીએ.

સદ્‌ગુણ-સ્તુતિ કરીએ સહુની, નિંદાથી ન્યારા રહીએ,
વ્યસનો ત્યજીએ, સદ્‌ગુણ સજીએ, ટાપટીપ ખોટી ત્યજીએ.

ખાવું, પીવું, હરવું, ફરવું, સૂવું, જાગવું ને વદવું,
સર્વ ક્રિયાઓ કરતાં પહેલાં પાપવિકારોથી ડરવું.

છતાં થાય ગફલત જે કંઈ તે ક્ષમા માગી હળવા થઈએ,
સર્વક્ષેત્રમાં રહીએ તોપણ આત્મભાન નહિ વિસ્મરીએ.

— 'સંતબાલ'

Scanned by CamScanner

# શુભ મંગલ હો

શુભ મંગલ હો, શુભ મંગલ હો,
શુભ મંગલ મંગલ મંગલ હો.

નભ મંગલ, ધરતી મંગલ હો (૨)
ધરતી કા કણ કણ મંગલ હો.

ગતિ મંગલ હો, સ્થિતિ મંગલ હો (૨)
જીવનકા હર ક્ષણ મંગલ હો.

મતિ મંગલ હો, પ્રીતિ મંગલ હો (૨)
માનવ કી હર કૃતિ મંગલ હો.

શ્રી સંતબાલજી

Scanned by CamScanner

# વહેલી સવારે

વહેલી સવારે ઉઠવું ગમે,
વહેલી સવારે ફરવું ગમે.
કલરવ કરતાં પંખી જાગ્યાં,
જાગી જાગીને ચણવા લાગ્યાં.
એની સંગાથે ફરવું ગમે,
વહેલી સવારે ઊઠવું ગમે.
સૂરજદાદા આવ્યા ફરીને,
આખી દુનિયાનો ફેરો કરીને,
સૂઈ રહેવું ના રે ગમે,
વહેલી સવારે ઊઠવું ગમે.

શ્રી ગોવિંદભાઈ પરીખ

Scanned by CamScanner